**અમદાવાદના એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ (કોર્ટ નં.૭) ની કોર્ટમાં, મુ. અમદાવાદ.**

**ફો.કેસ નં.**

**ફરીયાદી :** **સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી**

**:– જજમેન્ટ:–:**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે:– આ કામના આરોપીએ બનાવ સમયે અને સ્થળે કોઈ પણ પ્રકારની પાસ પરમીટ વગર પોતાના કબજામાં પ્રતિબંધક મુદ્દામાલ રાખી પકડાઈ જતા આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એમેન્ડમેન્ટ એકટની કલમ:૬૫(ઈ) અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો નોંધી તપાસ કરનાર અમલદાર ધ્વારા ગુનાની તપાસ કરી અત્રેની અદાલત સમક્ષ આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રુબરુ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપ્યાની ખાત્રી કરેલ છે. સદર કામે આરોપી પાસેથી કબજે લીધેલ પ્રતિબંધીત મુદ્દામાલની માત્રા તથા તાજેતરમા ગુજરાત સરકારશ્રી ધ્વારા જાહેરનામા નં. જીજી/૬૫/૨૦૧૯/વીડીઆર/૧૦/૨૦૦૯/૨૦૬૧/ઈ–૧,તા.૦૨.૦૭.૨૦૧૯ થી પ્રતિબંધક મુદ્દામાલની ન્યુનતમ માત્રા નકકી કરવામાં આવેલ છે અને તે મુજબ આરોપી પાસેથી કબજે લીધેલ પ્રતિબંધક મુદ્દામાલની માત્રા ન્યુનતમ માત્રા હોય આંક–૧ લગત વિસ્તારથી હુકમ કરી આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એમેન્ડમેન્ટ એકટની કલમ:૬૫એ એ. મુજબના શિક્ષાપાત્ર ગુનાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે અને પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપીએ સદરહુ ગુનાના કામે અલાયદા કબુલાત પુરસીસ આપી તેમાં જાહરે કરેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના ઈસમ છે. તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છુટક મજુરી કામ કરે છે અને મજુરી પણ રોજ

*મળતી નથી. જેથી તેઓ પોતાનું તેમજ કુટુંબનું ગુજરાન કરી શકે તેવી સ્થીતીમાં ન હોવાથી અને આર્થીક પરીસ્થીતી ખરાબ હોવાના કારણે હાલનો ગુનો થઈ ગયેલો છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો આચરીશુ નહી, તેવુ જણાવેલ છે અને કોર્ટની કાર્યવાહીનો સમય અને નાણાનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.*

*(૩.૧) આરોપી ખરેખર પોતાની સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલી છે.*

*(૪) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા, તથા પ્રવર્તમાન કાનુની પ્રબંધો ધ્યાને લેતા આ કામના આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ પ્રતિબંધક મુદ્દામાલની માત્રા કે જે સરકારશ્રી ધ્વારા નિર્ધારીત કરવામા આવેલ ન્યનતમ માત્રાથી પણ ઓછી માત્રા છે. વધુમાં, આરોપી વિરુધ્ધ જે શિક્ષાપાત્ર ગુનાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે તેની શીક્ષાની જોગવાઈ ધ્યાને લેતા કલમ – ૬૫ એએ.મા દરેક ગુના માટેની સજા ૦૩ વર્ષ સુધી લંબાવી શકાય અને દંડ કરી શકાય, તે મુજબની છે. આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાની હકીકત તથા કેસના સંજોગો અને કબુલાત પુરસીસથી આરોપીએ રજુ કરેલ કબુલાતનામાની હકીકત ધ્યાને લેતા તથા તેની સાથે સાથે અદાલત સમક્ષ અન્ય પેન્ડીગ કેસોની સંખ્યા ધ્યાને લેતા, સદર ગુનાના કામે જો આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે તો તે કાર્યવાહી માટે હાલના કામના ફરીયાદી કે જેઓ સરકારી અમલદાર છે. તેવી જ રીતે સરકારી સાહેદો, પંચો અને સરકારી અધિકારી ત.ક. અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમા પેન્ડીગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંક સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરો કરવાની સંભાવના શકય નથી. વધુમા ધી ગુજરાત પ્રોહીબીશન એકટ અન્વયેના કેસોમાં ભુતકાળમાં સાબીત થયેલ કેસોની સંખ્યા અને સજાનું પ્રમાણ ધ્યાને લેતા તે ઘણું ઓછો છે. વધુમા આરોપીનો સમય, ફરીયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલના અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે*

*સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે, તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે, તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદુપયોગ કરી શકાય તેમ હોય, તેમજ આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય અને જયારે આરોપીનો આ પ્રથમ ગુનો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો અને તમામ પરિસ્થીતીને ધ્યાને લઈ તેજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ.આર. ૭૦૯ ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સીધ્ધાંત ધ્યાને લઈ નિયત કરેલી સજા કરતાં ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય, ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.*

## :: આખરી હુકમ ::

*આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમઃ ૬૫ એએ. મુજબના ગુના બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૫૦૦/– (અંકે રુપીયા પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૦ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.*

*હુકમ આજરોજ તા.૧૪/૯/૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.*

| | | |
|---|---|---|
| સ્થળઃ– અમદાવાદ | | ( હિતેશ જે. તન્ના), |
| તા.૧૪/૦૯/૨૦૧૯ | | એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>કોર્ટ નં.૭, અમદાવાદ. |
| | | જજ કોડ નં.જીજે૦૦૯૫૫ |